

## મોડાસા પ્રા. શાળામાં સી.એમ.એ રોપેલા છોડને રાતોરાત ટ્રી-ગાર્ડ લગાવાયા

મોડાસા શહેરમાં ૧૭ જૂન શુક્રવારના રોજ સર્વોદયનગર વિસ્તારની પ્રાથમિક શાળામાં રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન શાળાના મેદાનમાં વાવેલા છોડને ૪૮ કલાકમાં જ પશુઓ ચરી જતા છોડ પાંદડા વગરનો બુઠા થઈ જતા આ અંગે મીડીયા અને સમાચાર પત્રોમાં સમાચાર પ્રસિદ્ધ થતા વન વિભાગ તંત્ર અને સ્કૂલના શિક્ષકો સફાળા જાગી ઉઠ્યા હતા અને ટ્રી-ગાર્ડ વડે છોડને સુરક્ષીત કરાયા હતા. આ અંગે આરએફઓ ચૌધરીએ જણાવ્યું હતું કે શાળાના મેદાનમાં ૭૦ થી ૭૫ છોડ રોપ્યા હતા ત્રણ દિવસ અગાઉ ચોકીદાર મૂક્યો હતો પરંતુ વનવિભાગ તંત્ર પાસે ટ્રી ગાર્ડના અભાવે છોડવાઓને ટ્રી-ગાર્ડ મારેલ ન હતા અને છોડ વાવ્યા પછી છોડની સારસંભાળની જવાબદારી જે તે સ્કૂલની બને છે. જેથી અમે સોમવારે છોડની ફરતે ટ્રી ગાર્ડ મારી રક્ષિત કર્યા છે.

# રથયાત્રાના રુટમાં ફેરફાર કરવા સે-૩/ન્યુ વસાહત મંડળની રજુઆત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વર્ષોથી એક જ પરંપરાગત રુટ પર રથયાત્રા નીકળે છે. રથયાત્રા સમિતિને અનેક વખત રુટમાં ફેરફાર કરવાની રજુઆત કરાઈ છે. પરંતુ રુટમાં ફેરફાર કરાયો નથી. જેને પગલે અનેક ધર્મપ્રેમી જનતા દર્શન થી વંચિત રહી જાય છે. ત્યારે રથયાત્રા જો સેકટર-૩ અને સેકટર-૬ની ચોકડી પરથી ઘ-૨ તરફ જાય છે. તેના બદલે જો ગ-૨ તરફ થઈને ગ-૧ અને ઘ-૧ તરફ આગળ વધે તો આ રુટનો પગલે હજજારો વસાહતીઓને ભગવાન જગન્નાથના દર્શનનો લાભ મળી શકે છે. આ રજુઆત રથયાત્રા સમિતિ દ્વારા સ્વીકાર કરવામાં આવશે તો સેકટર-૩ ન્યું વસાહત મંડળ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

ગાંધીનગર શહેર દિવસે-દિવસે સતત વિકસી રહ્યું છે. અને શહેરનો વિસ્તાર પણ વધી રહ્યો છે. આથી શહેરની ઘણા વિસ્તારોના શ્રધ્ધાળુઓ રથયાત્રામાં ભગવાન જગન્નાથના દર્શનથી વંચિત રહેતા હોય તેવી લાગણી અનુભવે છે. જેથી સેકટરના રહીશોને દર્શનનો લાભ મળી શકે તે અંગે સેકટર-૩ ન્યુ વસાહત મંડળ અને નવદુર્ગા સેવા ટ્રસ્ટ દ્વારા રથયાત્રાના રુટમાં સામાન્ય ફેરફાર કરવા અંગે સમિતિને રજુઆત કરાઈ છે. જેમાં હાલમાં રથયાત્રા સેકટર-૬ ભુવનેશ્વરી મંદિર, ગાર્ડન થઈને સેકટર-૩ અને ૬ની ચોકડી થી આગળ વધતા ઘ-૨ તરફ નિયત રુટ પર જાય છે. તેના બદલે સે-૩ અને ૬ ની ચોકડીથી ગ-૨ અને ગ-૧ તરફ આગળ વધીને સે-૩ ન્યું ચોકડી થઈને ઘ-૧ તરફનો રુટ કરવામાં આવે તો સેકટર-૩ સી, સે.૬ બી, સે-૫, સે-૪ અને સે-૩ એ અને બી, સે-૩ ન્યું તથા સે-૨ માં વસતા હજજારો શ્રધ્ધાળુઓને પવિત્ર રથયાત્રામાં ભગવાનના દર્શનનો લાભ મળી શકે છે. જો રથયાત્રા સમિતિ દ્વારા આ રજુઆત સ્વીકાર કરવામાં આવશે તો સેકટર-૩ ન્યું વસાહત મંડળ અને નવદુર્ગા સેવા ટ્રસ્ટ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે તેમ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજાએ જણાવ્યું છે.

# ઈલોલ નજીકથી પીકઅપ ડાલામાં ભરી કતલખાને લઈ જવાતી પાંચ ગાયો બચાવાઈ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર નજીકના ઈલોલ-પાણપુર ચોકડી પરથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમએ રવિવારે નાકાબંધી દરમિયાન પીકઅપ ડાલામાં પાંચ પશુઓ ભરી કતલખાને લઈ જવાતા બચાવી લીધા હતા. પોલીસે ઈશારો કર્યા બાદ પણ વાહન ચાલક ભાગી છુટતા પીછો કરતા વાહન ચાલક વાહન મૂકી ખેતરોમાં ભાગી છુટયો હતો. પશુઓ અને વાહન મળી પોલીસે રૂા.૪.૫૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ ભાગી છુટેલા પીકઅપ ડાલાના ચાલક વિરૂધ્ધ હિંમતનગરના રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાવ્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લામાં પશુ ચોરીના ગુનાઓ અટકાવવા લોકલ ક્રાઈમ બ્રાન્ચને જિલ્લાના માર્ગો પર નાકાબંધી કરી વાહન ચેકીંગ કરવા જિલ્લા પોલીસ અધિક્ષકે સુચના આપી હતી. જે અન્વયે એલ.સી.બી.ની ટીમએ ઈલોલ-પાણપુર ચાર રસ્તા પાસે રવિવારે નાકાબંધી કરી ચેકીંગ હાથ ધરતા પાણપુર તરફથી આવતા પીકઅપ ડાલા નં.જીજે.૯.ઝેડ.૯૨૦૬ ના ચાલકને ઈશારો કરી વાહન રોકવાનો પ્રયાસ કરતા વાહન ચાલકે બમ્પ કુદાડી વાહન ઈલોલ રોડ પર ભગાવ્યુ હતું. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમના વાહને પીછો કરી ઓવરટેક કરતા પીકઅપ ડાલાનો ચાલક વાહન ઈલોલ નજીક ચાલુ હાલતમાં મૂકી ખેતરોમાં ભાગી છુટયો હતો.

દરમિયાનમાં એલ.સી.બી. ટીમએ વાહનની તલાશી લેતા પીકઅપ ડાલામાં દોરડાથી બાંધેલી હાલતમાં પાંચ ગાયો રૂા.૫૦ હજારની કિંમતની મળી આવી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતું કે ડાલામાં દોરડાથી બાંધી ભરી ગાયોને કતલખાને લઈ જવાતા તેને બચાવી લઈ ઈડરની પાંજરાપોળમાં મોકલી અપાઈ છે. જયારે બોલેરો પીકઅપ ડાલા સાથે પોલીસે રૂા.૪.૫૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ વાહનના ચાલક વિરૂધ્ધ હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાવ્યો હતો.

## સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ૨૪ જૂને યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ, રાજયના સામાન્ય નાગરિકોની રજૂઆતો તથા સમસ્યા નિવારણના સ્થળ ઉપર જ ઉકેલનો કાર્યક્રમ સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્ય સ્વાગત શુક્રવાર તા. ૨૪ જૂન-૨૦૧૬ના યોજશે.

સામાન્યતઃ પ્રતિમાસના ચોથા ગુરૂવારે યોજાતો આ સ્વાગત ઓનલાઈન આ ગુરૂવાર તા. ૨૩-૬-૨૦૧૬ના રોજ મુખ્યમંત્રીના પૂર્વનિર્ધારિત રોકાણોને કારણે આગામી શુક્રવાર તા. ૨૪-૬-૨૦૧૬ના યોજવામાં આવશે.

જિલ્લા-તાલુકા-ગ્રામ કક્ષાના સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તેના નિર્ધારીત સમય અનુસાર જ યોજાવાના છે.

# NEET પરીક્ષા સંદર્ભે પૂરક પુસ્તિકાનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આજે ગાંધીનગર ખાતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બી-ગ્રુપના વિદ્યાર્થીઓ માટેNEET પરીક્ષા સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ પુરક પુસ્તિકાનું વિમોચન કર્યુ હતું.

પુસ્તકનું વિમોચન કર્યા બાદ મંત્રી ચૂડાસમાએ જણાવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર માર્ચ-૨૦૧૭થી મેડીકલ ડેન્ટલના અભ્યાસક્રમોમાં NEETની પરીક્ષા ફરજિયાત બનાવી છે. તે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૨ના બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે આ પુરક પુસ્તિકા તૈયાર કરાઈ છે. જેમાં CBSEના અભ્યાસક્રમ મુજબ જે પ્રશ્નો છે તેમાં ફિઝીકસમાં સામાન્ય, કેમેસ્ટ્રીમાં ૫ ટકા અને બાયોલોજીમાં ૨૦ ટકા જેટલો તફાવત જોવા મળ્યો છે. જે અન્વયે CBSE અને માધ્યમિક શિક્ષણ બોર્ડના નિષ્ણાત-તજજ્ઞ શિક્ષકો, નિષ્ણાત લેખકો સાથે પરામર્શ કરીને આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં ૧.૭૦ લાખ વિદ્યાર્થીઓ NEETની પરીક્ષા આપવાના છે. જેમાં ગુજરાતી ભાષામાં ૧ લાખ, અંગ્રેજીમાં ૫૦ હજાર અને હિન્દીમાં ૨૦ હજાર વિદ્યાથીઓ આ પરીક્ષા આપશે. તેમને આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી નિવડશે. આ પુસ્તિકા સરકારી, ગ્રાન્ટેડ શાળામાં રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. જ્યારે ખાનગી શાળામાં રૂ.૯ની કિંમતે આપવામાં આવશે. આ પુસ્તિકા આજે જ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પાઠ્યપુસ્તક મંડળની વેબ સાઈટ પર મૂકવામાં આવી છે. જેનો વિદ્યાથીઓને લાભ લેવા જણાવાયું છે.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના ઉચ્ચઅધિકારીઓ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પાઠ્ય પુસ્તક મંડળના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા દિવ્યાંગને ટ્રાઈસીકલ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૨૧

જુનિયર સિટીઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા તા. ૨૦ જૂનને સોમવારના રોજ વોર્ડ નં-૧ ચરેડી વિસ્તારમાં છાપરામાં રહેતા ૮૦ ચોવીસ કલાક સેવા કાર્ય કરે છે. જુ.સી.કા. દ્વારા બિનવારસી મૃતદેહની અંતિમવિધી, ચક્ષુદાન, દેહદાન, રકતદાન શિબિરનું આયોજન, એમ્બ્યુલન્સ અને



દિવ્યાંગ જયદીપ દેવજીભાઈ અનજાકીયાને કોર્પોરેટર હર્ષાબા ધાંધલની ભલામણથી જુ.સી.કા. દ્વારા ટ્રાઈસીકલ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજર દિનેશભાઈ દવે, એડવોકેટ હિતેશ.બી.રાવલ તથા જીલુભા ધાંધલ વગેરે હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરની સૌથી જુની અને જાણીતી સેવાકીય સંસ્થા એટલે જુનિયર સિટીઝન કાઉન્સીલ, જીવ સેવા એજ પ્રભુ સેવા માં માનતી સંસ્થા દિવસ-રાત શબવાહીની સેવા, દર્દીને મોટી શસ્ત્રક્રિયામાં આર્થિક સહાય સહિત કુદરતી આફતમાં રાહત કામગીરીની પણ સેવા કરવામાં આવે છે. જુ.સિ.કા.ની સેવાની સુવાસ ગાંધીનગર તેમજ આસપાસના જિલ્લામાં પણ પ્રસરી છે. ત્યારે જુસિકા દ્વારા ગતરોજ ચરેડી વિસ્તારમાં રહેતા દિવ્યાંગ જયદિપ અનજાકીયાને ટ્રાઈસીકલ અર્પણ કરી હતી.યુવાનને ટ્રાઈસીકલની ભેટ મળતા તેના મુખ પર હાસ્યની રેખાઓ અંકિત થઈ હતી.

# મોંઘવારી સંદર્ભે જિલ્લા કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારના અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચારી શાસનને લીધે બેફામ વધેલી કારમી મોંઘવારીનો વિરોધ કરી પ્રજાના પ્રાણપ્રશ્ને કોંગ્રેસ પક્ષ સતત એક સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમ આપશે. તેના અનુસંધાને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૨૩-૬-૨૦૧૬ સવારે ૧૨.૦૦ કલાકે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ નિરીક્ષક બલવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈ, ધારાસભ્યો તાલુકા પંચાયત પ્રમુખો, જિલ્લા પંચાયતના સદસ્યો-ચેરમેનો સહીત અન્ય વરિષ્ટ આગેવાનોની ઉપસ્થિતિમાં એક અગત્યની તાકીદની મિટિંગ બોલાવવામાં આવી છે. જેથી જિલ્લા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોએ સમયસર અચૂક ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં પ્રવકતા યાકુબભાઈ મનસુરીએ જણાવ્યું છે.

# જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગના અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંવર્ગના અધિકારીઓની બદલીના હૂકમો જારી કર્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલની જગ્યા |
|---|---|---|
| એસ.એલ. પવાર | રીડર<br>ગુ.શૈ.સે.તા.ભવન, ગાંધીનગર | જિ. શિક્ષણાધિકારી<br>ડાંગ |
| એસ.જે. ડુમશિયા | વહીવટ અધિકારી<br>નિ.પ્રા.શિ. કચેરી, ગાંધીનગર | જિ. શિક્ષણાધિકારી<br>દ્વારકા |
| કે.એ. પટેલ | પ્રાચાર્ય<br>ડાયેટ વઘઈ-ડાંગ | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>જુનાગઢ |
| એસ.એન. દાફડા | રીડર<br>ગુ.શૈ.સે.તા.ભવન, ગાંધીનગર | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>ગીર-સોમનાથ |
| એન.એ. હરિયાણી | જિ. શિક્ષણાધિકારી<br>પોરબંદર | જિ. પ્રા. શિક્ષણાધિકારી<br>રાજકોટ |
| આર.એચ. જુણકીયા | મદદનીશ નિયામક<br>કમિશનર શાખાઓની કચેરી, ગાંધીનગર | પરીક્ષા સચિવ<br>મા.ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર |
| એ.કે. ભાટી | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>ડાંગ | ખા. ફરજ પરના અધિકારી<br>પ્રો. મોનીટરીંગ સર્વશિક્ષા<br>અભિયાન કચેરી |
| એન.એમ. મહેતા | જિ. શિક્ષણાધિકારી<br>વડોદરા | જિ. શિ. અધિકારી<br>અમદાવાદ |
| જી.ડી. પટેલ | સચિવ(પરીક્ષા)<br>ગુ.મા.ઉ.માં.શિ.બોર્ડ, ગાંધીનગર | જિલ્લા શિક્ષણાધિકારી<br>મહેસાણા |
| ડી.બી. પટેલ | જિ.શિક્ષણાધિકારી<br>નર્મદા | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>જામનગર |
| જે.એમ. ખરાડી | જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી<br>નવસારી | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>સુરત |
| એમ.પી. પરમાર | રીડર<br>ગુ.શૈ.સે.તાલીમ પરિષદ, ગાંધીનગર | જિ.પ્રા.શિક્ષણાધિકારી<br>આણંદ |
| એસ.આર. ઉપાધ્યાય | જિ. શિક્ષણાધિકારી<br>બોટાદ | જિ.પ્રા. શિક્ષણાધિકારી<br>સાબરકાંઠા |
| એ.એસ. પટેલ | પ્રાચાર્ય<br>જિ.સિ. અને તા.ભવન.પોરબંદર | કાયદા અધિકારી<br>પ્રા.શિ. નિયામકની |
| કચેરી,ગાંધીનગર | | |
| નૈષધ મકવાણા | જિ.શિક્ષણાધિકારી<br>તાપી | જિ.શિક્ષણાધિકારી<br>ભરૂચ |
| એચ.એલ. રાવલ | જિ. પ્રાથમિક<br>શિક્ષણાધિકારી મહેસાણા | જિ. શિક્ષણાધિકારી<br>બનાસકાંઠા |
| કે.પી. પટેલ | જિ. શિક્ષણાધિકારી<br>ગીર સોમનાથ | વહીવટી અધિકારી<br>પ્રા.શિ. નિયામકની કચેરી, |
| ગાંધીનગર | | |
| એમ.આર. સગારકા | જિ. શિક્ષણાધિકારી<br>જામનગર | જિ. શિક્ષણાધિકારી<br>ગીર સોમનાથ |
| એચ.આર. ચાવડા | કો. ઓર્ડિનેટર<br>એસ.ટી.ટી.આઈ. ગાંધીનગર | જિ. શિક્ષણાધિકારી<br>બોટાદ |
| એમ.એલ. રત્નુ | જિ. શિક્ષણાધિકારી<br>વલસાડ | જિ. શિક્ષણાધિકારી<br>વડોદરા |
| એચ.એચ. રાજ્યગુરૂ | જિ. શિક્ષણાધિકારી<br>મહેસાણા | જિ. શિક્ષણાધિકારી<br>અમદાવાદ |
| બી.એમ. પટેલ | રીડર<br>ગુ.શૈ.સે. તાલીમ પરીષદ, ગાંધીનગર | જિ. શિક્ષણાધિકારી<br>જિ.શિક્ષણાધિકારી, વલસાડ |



# આકાશમાં કુદરતે રચ્યો અદ્ભુત નજારો

છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણની સાથે વરસાદી માહોલ પણ જોવા મળ્યો છે ત્યારે મોડી સાંજે લાઈટો શરૂ થતાંની સાથે આકાશમાં કુદરતે પણ આહલાદક લાલાશનો પ્રકાશ પાથર્યો હોય એમ વાતાવરણમાં અદભુત નજારો જોવા મળ્યો હતો. આકાશમાં સંધ્યા સમયે સૂર્યની લાલાશ પ્રકાશની છાંટથી સાંજની સંધ્યાનો રંગીન નજારો બન્યો હતો.

## યોજના તૈયાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટી પી સ્કીમ નં ૧૩ ને જોડતા રેલવે લાઈન સુધીના રસ્તાને લંબાવવા માટે કામ હાથ ધરવામાં આવશે. ગાંધીનગરથી વાવોલ ઉવારસદ કોલવડા જતા નાગરિકો માટે આ માર્ગ વિશેષ ઉપયોગી થઇ શકશે. જેના લીધે ટ્રાફિકની સમસ્યાનો પણ અંત આવશે. જયારે આ રેલવે ટ્રેક સુધીના રસ્તાની સાથે ટ્રેક બાદના રસ્તાના જોડાણ માટે પણ રેલવે ઓવર બ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે ખ-૨ સર્કલથી રેલવે લાઈન સુધીના ઉપરના બ્રિજના એપ્રોચ સુધીના રસ્તા માટે અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરાશે. રેલવે લાઈનના બન્ને બાજુના એપ્રોચની લંબાઈ માટે ૬૦ કરોડનો ખર્ચ થશે. જયારે રેલવે લાઈન પર બ્રિજના નિર્માણ માટે ૮ કરોડનો ખર્ચ થશે. વિભાગ દ્વારા દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ કામ હાથ ધરાશે.

## બેઠક યોજવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુપોષિત બાળકો જે રેડઝોનમાં છે તે ડિસેમ્બર-૨૦૧૬ના અંતે પોષણક્ષમ બની જાય અને કૂપોષણયુક્ત જિલ્લો બને તે માટે અધિકારીઓને બાળક દત્તક આપવાની યોજના અમલી બનાવાવની હિમાયત કરી હતી.

નબળા પરિણામવાળી શાળાઓમાં સતત મોનીટરીંગ અને મૂલ્યાંકન કરવાની હિમાયત કરતાં કલેકટરે જણાવ્યું હતું કે તેઓ જાતે જ આ દિશામાં આગળ વધવા માંગે છે અને એક જ સપ્તાહમાં આ શાળાના આચાર્યો તેમજ શિક્ષકોની બેઠક યોજવામાં આવે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે વિકાસના કામોમાં વેગ આવે તેમજ પ્રજાભિમુખ તંત્રની અનુભૂતિ થાય તે રીતે આપણે સૌ કર્મયોગીની ભૂમિકા સાચા અર્થમાં ભજવીએ. જિલ્લાનો વિકાસ એ જ આપણુ લક્ષ્ય હોવુ જોઈએ તેવો તેમણે વિશેષ ભાર મુક્યો હતો.

## બાળકનું અપહરણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવક સાથે ફોન પર વાત થઈ તો તેણે પહેલા મહુડીનું લોકેશન આપ્યુ અને બીજી વાર ફોન પર જાસપુરનું લોકેશન આપ્યુ હતુ. પેથાપુર પોલીસને ઘટનાની જાણ કરતા પી.એસ.આ. ડી.બી. વાળાએ બે અલગ અલગ ટીમો બનાવી એક મહુડી અને બીજી જાસપુર ખાતે રવાના થવા આદેશ કર્યો હતો. તેટલામાં મેસેજ મળ્યા કે જાસપુર કેનાલ બહાર બાઈક પાર્ક કરી ઘનશ્યામે માહીને કેનાલમાં ફેંકી દીધી અને પોતે પણ કેનાલમાં કુદી ગયો હતો. આ ઘટનાને નજરે જોનાર વ્યક્તિઓનું કહેવુ માનીએ તો બાળકી કેનાલની દીવાલે હતી અને બચી જાય તેમ હતી ત્યારે ઘનશ્યામે તેનો પગ ખેંચીને કેનાલના ઊંડા પાણી સુધી ધક્કો મારી મોતને ઘાટ ઉતારી હતી. અને ડુબી જવાથી તેનું પણ મોત થયુ હતુ. પેથાપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કેનાલમાં તપાસ કરતા ઘનશ્યામનો મૃતદેહ મળી આવ્યો છે. જો કે માહીની શોધખોળ ચાલી રહી છે. પેથાપુર પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી હત્યાનો ગુનો દાખલ કરવા તજવીજ શરૂ કરી છે.

## હરાજી રદ કરાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે પ્લોટની હરાજીમાં આખરી બોલી બોલનારાઓએ નાણાં ભરવાની સક્ષમતા નહિ હોવાની તંત્રને લેખિતમાં જાણ કરી છે તો અન્ય બે પ્લોટોની હરાજીમાં નાણાંની ભરપાઈ ૧૮૦ દિવસમાં જે કરવાની થાય તેને લઈ ભાગીદારો વચ્ચે મડાગાંઠ થતા રદ થઈ હોવાની ચર્ચાઓ છે.

ગાંધીનગર શહેરમાં પ્લોટોની હરાજી એક દસકા પછી યોજાઈ હતી અને આ હરાજીમાં ભાવો ધારણા કરતાં વધુ સારા મળ્યા હતા. સરકારે આ પ્લોટોની ઈ-હરાજી કરી હતી જે ઉલ્લેખનીય છે. આ પ્લોટોની હરાજી બે તબક્કે યોજવામાં આવી હતી તે પણ નોંધનીય છે.

## શુકન વિલાસ સોસાયટી... ● ત્રીજા પાનાનું ચાલુ

સંયોજક સમીરભાઈ રામી, સંતુલન ફાઉન્ડેશન ગાંધીનગર તથા શુકન વિલાસ સોસાયટીના પ્રમુખ ગાંડાભાઈ આર. ચૌધરી, નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગભાઈ પટેલ, એલ.ડી. આર.પી. એન્જિનીયરીંગ કોલેજના પ્રાધ્યાપક ઉમેશભાઈ તેમજ શોભનાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યોગ-સાધના કાર્યક્રમમાં એકસોથી વધુ રહીશોએ યોગની તાલીમ મેળવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

Gujarat State Non-Resident Gujaratis' Foundation

**Gujarat State Non Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar

**SHORT TENDER NOTICE FOR SELECTION OF EVENT MANAGEMENT FIRM OR ITS PROMOTER**

Offcers are invited from reputed and experienced Event Management Firms or its promoter for handling the account of NRG Foundation for a period of three years.
The Tender document may be downloaded from
**www.nri.gujarat.guj.in/tenders**
Last date of submission of tender is 29/6/2016 by 3.00 pm..

INF/759/2016-17 — Director, NRG Foundation

**જાહેર હરાજી**

રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા તેમની હસ્તકના નીચે જણાવેલ વાહનો જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તા. ૧૪/૭/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાકે જાહેર હરાજીથી વેચવામાં આવનાર છે.

**વાહનોની વિગત :**
**(૧) જી.જે.૧૮.જી. ૧૯૦૯ ટાટા સુમો મોડલ -૨૦૦૫ (ડીઝલ)**
**(૨) જી.જે.૧૮.જી.૨૩૯૨ ટાટા સુમો મોડલ-૨૦૦૮ (ડીઝલ)**

હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ હરાજીની શરતોની માહિતી કચેરી સમય દરમિયાન તા. ૨૫/૬/૨૦૧૬ થી તા. ૧૧/૭/૨૦૧૬ દરમિયાન રૂબરૂ મેળવી લેવાની રહેશે. તેમજ તા. ૨૫/૬/૨૦૧૬ થી તા. ૧૧/૭/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન પ્રત્યેક વાહન દીઠ રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) અનામત તરીકે અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

**હરાજીનું સ્થળ : રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૦/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના પ્રથમ માળે બોર્ડ રૂમમાં ફોન નં. ૦૭૯-૨૩૨-૫૪૫૭૯, ૦૭૯-૨૩૨-૫૪૫૭૭ (ફેક્સ)**

સહી/-
અધિક રજિસ્ટ્રાર (વહીવટ)
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૭૫૩/૨૦૧૬-૧૭

રક્તદાન - મહાદાન